પત્રિકા
૧૫૬

# ચિરાગે હિદાયત

૨૭/૦૪/૧૮
૧૦ શાબાન

## આ અઠવાડિયાની મુનાસેબત

૧૫ શાબાન - વિલાદતે ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)

## ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)

માહે શાબાનની ૧૫ મી તારીખ કે જે વિલાદતે ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)થી મનસુબ છે તે અનકરીબ આવવાની છે, આ તે દિવસ છે જયારે સામર્રા શહેર એ નૂરથી ચમકી ઉઠ્યું જે નૂર અલ્લાહની આખરી હુજ્જતનું નૂર છે, જે નૂરને અલ્લાહ પરિપૂર્ણ કરીને રહેશે.

***"તેઓ તો આ ચાહે છે કે અલ્લાહના નૂરને પોતાના મોઢેથી (ફૂંકો મારી) બૂજાવી નાખે; પણ અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ કરી રહેનાર છે, પછી ભલેને નાસ્તિકોને ખોટું લાગે!"*** *(સૂરએ સફ, આયત નં.૮)*

ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.) ઈમામતની અંતિમ કડી છે કે જે આ દુનિયાને અદલો ઈન્સાફથી ભરી દેશે.

આ એ ઈમામ છે જેના વજુદ થકી આપણે દુનિયાની તમામ નેઅમતો જેમકે વરસાદનું વરસવું, અનાજનું ઉગવું, દરિયાની રવાની વગેરેથી ફાયદો મેળવી રહયા છીએ.

* *વિશ્વની સૌથી મઝલૂમ વ્યક્તિ :*

ઈમામ(અ.ત.ફ.શ.) એ કરીમ આકા છે જેના કારણે આપણી હાજતો પૂરી થાય છે, બલાઓ દૂર થાય છે, જેઓ અલ્લાહ તઆલાના હુકમથી ગયબતમાં હોવા છતાં આપણને એવી રીતે ફાયદો પહોંચાડી રહયા છે જેવી રીતે સુરજ વાદળાઓની પાછળથી ફાયદો પહોંચાડે છે.

અફસોસ છે આ અઝીમ નેઅમતની આપણે જરા પણ કદર કરતા નથી, તેમની ગયબતનો આપણને જરા પણ અફસોસ નથી, સૌથી વધારે દુઃખદાયક વાત તો એ છે કે આપણે તેમની યાદને ભુલાવી દીધી છે, તેમના ઝિક્રને મહત્વ નથી આપતા, તેમના માટે ઝહુરની દુઆઓમાં લાપરવાહી થઈ રહી છે. જયારે આ વાતનો અહેસાસ થશે કે આપણે કેટલી હદ સુધી ઈમામથી ગાફિલ છીએ તો અહેસાસ થશે કે ઈમામ(અ.ત.ફ.શ.) અત્યારે આ સમયની સૌથી મઝલૂમ વ્યક્તિ છે.

હુજ્જતુલ ઈસ્લામ મર્હુમ આકાએ હાજી સૈયદ ઈસ્માઈલ શરફી(ર.હ.) કહે છે.

હું મકામાતે મુકદસહની ઝિયારતમાં મશગુલ હતો કેમકે ઈમામ હુસૈન(અ.સ.)ના રોઝા મુબારકના ગુંબજ તળે દુઆઓ કબૂલ થાય છે, એટલા માટે મેં દુઆ કરી કે મને ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની ઝિયારત નસીબ થાય. આવી રીતે દુઆ અને ઝિયારતોમાં હું મશગુલ હતો કે અચાનક આલમે ખુરશીદનો નૂર જાહેર થયો પણ હું એ સમયે તેમને ઓળખી ન શકયો પરંતુ શિદ્દતથી તેમના તરફ વળ્યો અને એમનાથી પૂછયું કે ''તમે કોણ છો?''

એમણે ફરમાવ્યું કે ''હું વિશ્વનો સૌથી મઝલૂમ વ્યક્તિ છું.''

પહેલા તો હું સમજી ન શકયો મને થયું કે કદાચ તેઓ નજફના મોટા આલિમોમાંથી હશે અને લોકો એમનામાં રૂચી નથી ધરાવતા એટલે તેઓ પોતાને સૌથી મઝલૂમ વ્યક્તિ સમજે છે, પરંતુ એજ સમયે મને મહેસૂસ થયું કે કોઈ પણ મારી સાથે મૌજૂદ નથી, ત્યારે હું સમજી ગયો કે વિશ્વમાં સૌથી મઝલૂમ વ્યક્તિ ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.) સિવાય બીજું કોઈ નથી અને હું તેમની સાથેની મુલાકાતથી જલ્દી જ વંચિત થઈ ગયો.

### * *એક બીજો વાકેઓ :*

હઝરત ઈમામ હુસૈન(અ.સ.)એ મુકાશેફહના આલમમાં કુમના એક આલિમે દીનને ફરમાવ્યું કે ''ઈમામ મહદી(અ.ત.ફ.શ.) એમના ઝમાનામાં સૌથી મઝલૂમ વ્યક્તિ છે જ્યાં સુધી થાય મહદી(અ.ત.ફ.શ.)ના વિશે બયાન કરો (એટલે તેમનો વધુમાં વધુ ઝિક્ર કરો) અને લખો, તેમનો ઝિક્ર એ અમારો ઝિક્ર છે કારણ કે બધા માઅસૂમીન ઈસ્મત, વિલાયત અને ઈમામતમાં સમાન છે પણ કેમ કે આ ઝમાનો ઈમામ મહદી(અ.ત.ફ.શ.)નો છે તો સારૂ છે કે એમના વિશે બયાન કરો''

અને પછી ફરમાવે છે કે ''હું ફરીથી તાકીદ કરૂં છું કે અમારા મહદી(અ.ત.ફ.શ.)ના વિશે વધારે ઝિક્ર કરો અને તેમના માટે લખો, અમારો મહદી(અ.ત.ફ.શ.) મઝલૂમ છે.''

### * *ઈમામ(અ.ત.ફ.શ.) પ્રત્યેની ફરજો :*

અઝીઝો! આજ કારણે ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)એ ઘણા આલિમે દીનના સ્વપ્નમાં આવીને તેમની ગયબત અને તેમના પ્રત્યેની જવાબદારીઓ અને તેમના ઝહુર માટેની દુઆઓ લખવાની તાકીદ કરી છે. તેમાં 'મીકયાલુલ મકારીમ' નામની કિતાબ જે ઈમામ(અ.ત.ફ.શ.) પ્રત્યેની ફરજો અને તેમની ખુશનુદીના જે કારણો બતાવે છે તે અહીં બયાન કરીએ છીએ.

- ### *ગયબતના ઝમાનામાં ઈમામ(અ.ત.ફ.શ.)નો ઝિક્ર કરવો અને તેમની ખુશનુદી માટે માલને ખર્ચ કરવો :*

ઈમામ જાફર સાદિક(અ.સ.) ફરમાવે છે કે ''કોઈ મોઅમીન સાચા દિલથી એક દિરહમ ઈમામ(અ.સ.)ની રાહમાં ખર્ચ કરે, તેના કરતા વધુ પસંદ કરવા લાયક બીજો કોઈ અમલ અલ્લાહની નજરોમાં નથી.''

ઈમામ(અ.સ.)ની રાહમાં ખર્ચ કરવાનો અર્થ એ છે કે ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.) વિશેની કિતાબો પ્રસિધ્ધ કરવી અથવા એવા કાર્યક્રમોનું આયોજન કરવું જેમાં ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ને યાદ કરવામાં આવતા હોય. તેમની ખુશી, તાબેદારી અને મોહબ્બતનું કારણ બને.

- ### *ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ને દરેક કામમાં અગ્રતા આપો :*

સૈયદ ઈબ્ને તાઉસ તેમની કિતાબ કશફુલ મોહજ્જીમાં તેમના ફરઝંદને વસીય્યત કરતા સલાહ આપે છે કે હંમેશા તમારા કામોમાં ઈમામ ઝમાના(અ.ત.ફ.શ.)ને અગ્રતા આપો. જે કોઈ કાર્ય કરો તે ઈમામ(અ.ત.ફ.શ.)ની ખુશનુદી માટે કરો, સદકો કાઢો તો ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની સલામતી માટે કાઢો, તેમના વતી કારે ખૈર કરો, એ વાતમાં શંકા નથી કે તમારા આ કામથી તમારા ઉપર ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની ખાસ નજરે કરમ કરશે અને આ કાર્યો ઈમામ(અ.ત.ફ.શ.)ની ખુશનુદીનું કારણ પણ બનશે.

- ### *ઈમામ (અ.ત.ફ.શ.)ની ખુશનુદી માટે મેહફીલો, મજલીસોનું આયોજન કરવું અને તેમાં શિરકત કરવી.*

ઈમામ રઝા(અ.સ.)ની આ હદીસ આ વાતને અનુમોદન આપે છે ''એક વ્યક્તિ જે એવી મજલીસમાં બેસે કે જ્યાં અમારા અમ્ર (હુકમો)ને જીવંત કરવામાં આવતા હોય તો તેનું હૃદય તે દિવસે નહીં મરે કે જે દિવસે (ક્યામત)માં લોકોના હૃદયો મૃત્યુ પામશે.''

*(બેહારૂલ અન્વાર ભાગ-૪૪, પેજ નં. ૨૭૮)*

ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની ગયબતમાં તેમના ફઝાએલ બયાન થતા હોય એવી મજલીસો અને મહેફીલોમાં અથવા જયાં લોકો ઈમામ(અ.ત.ફ.શ.) અંગેની બાબતોની ચર્ચા કરતા હોય ત્યાં હાજરી આપવી જરૂરી છે. આવી બેઠક કે જયાં ઈમામ(અ.ત.ફ.શ.) માટે લોકો દુઆ કરતા હોય જેમ કે દુઆએ નુદબાનું આયોજન કરવું અને તેમાં શિરકત કરવી એ અલ્લાહના મઝહબની તબ્લીગ છે, ખુદાના વલીની મદદ છે, તે નેકી અને પરહેઝગારી છે અને આ કાર્યો માટે સખ્ત પરિશ્રમ કરવો પડે તો તેની પણ તાકીદ કરવામાં આવી છે.

"અને જેઓ અમારા (ધર્મ પ્રચારના) સંબંધમાં પ્રયત્ન કરશે તેને અમે અમારા માર્ગો જરૂર દેખાડી દઈશું; અને અલ્લાહ બેશક નેકી કરનારાઓની સાથે જ છે."

*(સૂરએ અન્કબુત આયત નં. ૬૯)*

તો અઝીઝો આવો! આ અઝીમ વિલાદતના મૌકા પહેલા ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ના જશ્નની મહેફીલોનું આયોજન કરીએ અને તેમાં શિરકત કરી ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.) અને બીબી ઝહેરા(સ.અ.)ની ખુશનુદીને હાંસિલ કરીએ અને ઈમામ(અ.સ.)ના જલ્દી ઝહુરની દુઆ કરીએ.

# જશ્ને નૂર

## મર્દોમાં

તારીખ : ૨૮/૦૪/૨૦૧૮

વાર : શનિવાર

સમય : રાત્રે ૮.૧૫ કલાકે

સ્થળ : વરતેજી પાર્ક

(પ્રોગ્રામ બાદ ન્યાઝની વ્યવસ્થા છે.)

## ઔરતોમાં

તારીખ : ૨૮/૦૪/૨૦૧૮

વાર : શનિવાર

સમય : સાંજે ૪.૦૦ કલાકે

સ્થળ : ઝયનબીયા હોલ

# બેનર પ્રદર્શન (મર્દોમાં)

તારીખ : ૦૧/૦૫/૨૦૧૮ વાર : મંગળવાર (શબે વિલાદત)

સમય : મગરેબૈનથી ૧૧.૩૦ સ્થળ : ઝયનબીયા હોલ

(મહેફિલ દરમ્યાન પ્રદર્શન બંધ રહેશે.)

**આયોજક : એસોસીએશન ઓફ ઈમામ મહદી (અ.સ.)**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com